# BEAUTY LIES IN THE BRAIN

jayjit.trivedi@timesgroup.com







આઈઆઈટી ગાંધીનગરમાં જાણીતા બ્રિટિશ ન્યૂરોબાયોલોજીસ્ટ સેમીર ઝેકી સાથે એક ચર્ચાનું આયોજન કરાયું હતું. આ ચર્ચામાં માનવ મસ્તિષ્કમાં સુંદરતાના અનુભવો ક્યાં અને કેવી રીતે અસર કરે છે તેના પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. આ સુંદરતામાં તેમણે વિઝ્યુઅલ, સંગીત અને મેથેમેટિક્સ જેવી સુંદરતાઓ પણ આવરી લીધી હતી. ધ ન્યૂરોબાયોલોજી ઓફ એસ્થેટિક એક્સપિરિયન્સીસ એન્ડ ધ સિગ્નિફિકન્સ ઓફ બ્યૂટી નામની આ ચર્ચામાં તેમણે આર્ટ અને બ્યૂટી કેવી રીતે યુનિવર્સલી વ્યક્તિના મગજ પર અસર કરે છે તેની ચર્ચા વિદ્યાર્થીઓ સાથે કરી હતી. નોંધનીય છે કે આ લેક્ચર બ્રિટિશ કાઉન્સિલ અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન અને રિસર્ચ દ્વારા યોજવામાં આવ્યું હતું.

યુનિવર્સિટી કોલેજ લંડનના ન્યૂરો એસ્થેટિક્સ પ્રોફેસર સેમિર ઝેકીએ અમારી સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું કે, 'આપણે કોઈને પ્રેમ કરીએ ત્યારે એ નથી જાણી શકતા કે તે વ્યક્તિ આપણને પ્રેમ કરે છે કે નહીં. અથવા કોઈ એક આર્ટ પીસ જે તમને ગમે તે કદાચ મને ન પણ ગમે. આ વાત બધા જાણે છે પણ મારું સંશોધન ત્યાંથી શરૂ થયું કે જ્યારે મને કોઇ વસ્તુ કે સંગીત કે વ્યક્તિ ગમે છે ત્યારે મારા મગજમાં શું થાય છે?'

આર્ટ માટે પણ આ જ વાત એપ્લાય થાય છે, બ્રિટિશ આર્ટ ક્રિટિક ક્લાઇવ બેલે 1940માં એક સવાલ કર્યો હતો કે આર્ટમાં એવું શું હોઇ શકે કે જે બધા માટે બ્યુટિફૂલ હોય? આ જ સવાલ મેં સાયન્ટિફિક રીતે પૂછ્યો કે, આપણે જ્યારે બ્યૂટી જોઇએ ત્યારે આપણા મગજમાં કંઇ એવું થાય છે કે જે બધા માટે કોમન હોય? અને મને તેનો જવાબ હામાં મળ્યો. આપણા મગજમાં કેટલાક ચોક્કસ એરિયા છે કે જે જ્યારે આપણને કશુંક ગમે અથવા ન ગમે ત્યારે સતેજ થાય છે. આના પરથી જ આપણા ગમા અને અણગમા નક્કી થતા હોય છે. મેં એ નોંધ્યું કે કોઇ પણ વ્યક્તિ પછી તે ગમે તે ઉંમરની હોય, દેશની હોય કે પ્રજાતીની હોય તેને બ્યૂટી એક્સપિરિયન્સ કરવાની શક્તિ છે.

આ માટે અમે એક એક્સપેરિમેન્ટ કર્યો કે જેમાં અમે કેટલાક એવા લોકો લીધા કે જે આર્ટ એક્સપર્ટ નથી અને જે અલગ અલગ બેકગ્રાઉન્ડમાંથી આવે છે તથા કોઇને આર્ટ વિશે વધારે ખ્યાલ નથી. અમે આ લોકોને કેટલાક ચિત્રો દેખાડ્યા જેમાં તેમણે 1થી 10માં રેન્ક આપવાના હતા. 1 કદરૂપું અને 10 સુંદર માટે હતા. આ બધાએ એક પાતળી દેખાતી સ્ત્રીના ન્યુડ ચિત્રને સુંદર કહ્યું જ્યારે જાડી દેખાતી સ્ત્રીના ન્યુડ ચિત્રને કદરૂપું કહ્યું. આમ કરતી વખતે આ દરેકના મગજના એક જ ભાગમાં વધારે એક્ટિવિટી જોવાઇ હતી. ફ્રન્ટલ કોર્ટેક્સ નામનો મગજનો આ ભાગ આપણા ગમા અણગમા પર ઘણો કન્ટ્રોલ ધરાવે છે. બ્યૂટી પણ બે પ્રકારની હોય છે, એક તો ફિઝિકલ બ્યૂટી અને બીજી મોરલ બ્યૂટી એટલે જ ગ્રીક શિલ્પકારોએ મસ્ક્યુલર દેખાતા શિલ્પો બનાવ્યા પણ તેની સાથે તેને થોડા નમ્ર દેખાડવા તેમના માથા સહેજ ઢળતા રાખ્યા. આને કારણે જ આ સ્કલ્પચર્સ વધારે અપિલિંગ બન્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, જે કોઇ પણ મહાન આર્ટિસ્ટ્સ થયા છે તેમની માનવ મગજના એવા ભાગને ક્યાંકને ક્યાંક સ્પર્શી છે કે જેને કારણે તે આપણને ગમે છે. જો કે, આ ભાગ ક્યો છે તે હજી સુધી સાયન્સ શોધી શક્યું નથી, પણ મારો વિશ્વાસ છે કે એવું કંઇક તો કોમન છે જે આપણને આ આર્ટ સાથે જોડી દે છે. સાયન્ટિફિક ઇક્વેશન્સમાં પણ તેમણે આ રીતે બ્યૂટીનો પ્રયોગ કર્યો હતો અને તેમાં મોટા ભાગના લોકોએ ઓયલરના ઇક્વેશનને બ્યૂટીફૂલ કહ્યો હતો અને રામાનુજનના ઇન્ફિનિટી ઇક્વેશનને સૌથી કદરૂપું કહ્યું હતું.

**આપણને કોઈ વસ્તુ ગમે કે ન ગમે ત્યારે દિમાગ પર શું અસર થાય છે એવા ઇન્ટરેસ્ટિંગ સબ્જેક્ટ સાથે આઈઆઈટી-ગાંધીનગરમાં બ્રિટિશ ન્યૂરોબાયોલોજીસ્ટ સેમીર ઝેકી સાથે એક ચર્ચાનું આયોજન કરાયું હતું.**

## ઇકોનોમિક અને કલ્ચરલ એક્સચેન્જનું હબ બનાવવાની કોશિશ

આ પ્રસંગે બ્રિટિશ ડેપ્યુટી હાઇ કમિશનર જ્યોફ વેઇન પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. તેમણે બ્રિટિશ હાઇકમિશનની વિઝિટ આપતા જણાવ્યું હતું કે, આગામી સમયમાં કાઉન્સિલ અમદાવાદમાં ઘણા કાર્યક્રમો લઇને આવી રહ્યું છે. ગુજરાતને બ્રિટિશ લોકો ઇકોનોમિક અને કલ્ચરલ એક્સચેન્જ માટેનું ખાસ હબ બનાવવા માગે છે. તેમણે જણાવ્યું હતું કે, બ્રિટિશ હાઇ કમિશને અત્યારે ભારતમાંથી વધારે સ્ટાફ રાખ્યો છે. આટલા લોકો ચીનમાં પણ કામ નથી કરતા તે જ બ્રિટિશ લોકો માટે ભારતનું મહત્વ દર્શાવે છે.

Scanned by CamScanner